જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૭/૧૨/૨૦૨૨   શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૨૫૭/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧ | ૧,૪૦,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાની પ્રવુત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.બી.કે.ખાચર નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા કેતુલ ઉર્ફે છોટુ મનોજસિંહ વિજયસિંહ રાજપુત ઉ.વ.૧૯ રહે.મ.નં.૪૨ અશોકવાડી મિલન સિનેમા રોડ સહજાનંદ ફ્લેટની સામે સરસપુર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૧૧૦૩/૨૦૨૨ ઈપીકો કલમ ૩૭૬, ૩૭૬૭૩), ૩૬૩, ૩૫૪(ક), તથા પોક્સો એક્ટ કલમ ૩(એ), ૪, ૭, ૮ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૦૬૬/૨૦૨૨ તા.૧૬/૧૨/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૬/૧૨/૨૦૨૨ ના રોજ પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૨૮૬ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૦/૨૦૨૨**

**નારણપુરાઃ** મોહંમદઆરીફ ઈલીયાસખાન મકરાણી (ઉ.વ.૨૬) (રહે. ગામ-રતન તા-દાતા જી.બનાસકાંઠા) એ તા.૧૬/૧૨/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નારણપુરા નવરંગ સંર્કલ પાસે "કવિતા મોર્ટસ" નામની દુકાન ખાતે આરોપી (૧) પિયુષભાઈ મહેશભાઈ પટેલ (રહે. મારૂતીનંદન બંગ્લોઝ મુકામ-કાંસા વિસનગર મહેસાણા) અને (૨) બકાભાઈ ઉર્ફે દેવભાઈ ઠાકોર) નાઓએ ભેગા મળી મોહંમદઆરીફ મકરાણીના મોબાઈલ ફોન ઉપર વોટસએપથી સ્કોર્પીયો એસ-૧૧ ગાડી નંબર જીજે.૨૭.ડીબી.૮૪૮૪ વેચવાનું જણાવતા મોહંમદઆરીફને ગાડી લેવાની હોઈ ગાડી ખરીદ કરવાનુ જણાવતા મોહંમદઆરીફ વિશ્વાસમાં લઇ ગોતા ખાતે આવેલ વી.પટેલ નામની આંગડીયા પેઢી મારફતે વેચાણ પેટે રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- મેળવી લઇ ગાડી નહી આપી તેમજ રૂપિયા પરત નહી આપી મોહંમદઆરીફ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૧/૨૦૨૨**

**મેઘાણીનગરઃ** ગીરીશભાઇ છનાભાઇ ચાવડા (રહે. ભિમરાવ સોસાયટી કલાપીનગર મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૨ કલાક ૯/00 થી રાતના ૮/૩0 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લિંબોલા ચલાવે છે.

**રામોલઃ (૧)** અનેકપાલ દિનેશસિંહ ચૌહાણ (રહે.રાજધાની ટેનામેન્ટ, અર્પણ સ્કુલ પાસે નિરાંત ક્રોસ રોડ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૧૬/૧૨/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંકના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના, ડિજીટલ ઘડીયાળ અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૩૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.રાણા ચલાવે છે.

**રામોલઃ (૨)** કૈલાશબહેન વા/ઓ વિષ્ણુભાઇ સોઢા (રહે. રાધેપાર્ક સોસાયટી, સાંઇબાબા મંદિર પાસે વસ્ત્રાલ ગામ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૨ બપોરના ૩/૦૦ થી તા.૧૬/૧૨/૨૦૨૨ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૨/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** મહેશ સંધાજી બોડાણા (ઉ.વ.૩૧)(રહે.ભગુભાઇની ચાલી, મહેંદીકુવા, માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા બાટાના શો-રૂમ પાછળ રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૩૧ પાસે ઘાટ નંબર-૬ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધનવંતભાઈ રત્નાભાઈ ચલાવે છે.

**દાણીલીમડાઃ** જીતેન્દ્ર રાજભાઇ પરમાર (ઉ.વ.૨૬) (રહે. ભીલવાસ શાહઆલમ ટોલનાકા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી